૨૮૮ વર્ષ જૂની નરસિંહજીની પરંપરા અને ૨૧૭ વર્ષ જૂનો વિઠ્ઠલનાથજીનો વરઘોડો આજે પણ જાળવી રહ્યો છે ઐતિહાસિક વારસો

દેવઉઠી એકાદશીથી વડોદરાના ચાર દરવાજા વિસ્તારમાં ભક્તિ અને પરંપરાનો ભવ્ય સંગમ!

રાજવી પરિવારથી લઈને સામાન્ય નાગરિકો સુધી સૌની આસ્થાનું અનોખું કેન્દ્ર

(પ્રતિનિધિ) વડોદરા તા.20

દેવઉઠી એકાદશી એટલે ચાતુર્માસની પૂર્ણાહુતિ અને ભગવાન વિષ્ણુના યોગનિદ્રામાંથી જાગૃત થવાનો પવિત્ર દિવસ. કારતક સુદ અગિયારસથી દેવદિવાળી સુધી વડોદરાના ઐતિહાસિક ચાર દરવાજા વિસ્તારમાં ભક્તિ, ઉત્સવ અને પરંપરાનો અદભુત માહોલ સર્જાય છે. અહીં નીકળતા ભગવાન નરસિંહજી અને વિઠ્ઠલનાથજીના ભવ્ય વરઘોડા માત્ર ધાર્મિક ઉજવણી નથી, પરંતુ શહેરની ઐતિહાસિક ઓળખ, રાજવી વારસો અને સામાજિક એકતાનું જીવંત પ્રતીક છે.

વડોદરાના મધ્ય શહેરના ચાર દરવાજા વિસ્તારમાં આશરે ૪૦ નાનાં-મોટાં મંદિરો આવેલાં છે. ઈ.સ. ૧૫૧૧માં શહેરની ફરતે કોટ બાંધી ચાર દરવાજાઓનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઈ.સ. ૧૭૨૧માં પિલાજીરાવે ગાયકવાડી શાસનનો પાયો નાખ્યો હતો. વર્ષ ૧૮૭૫માં મહારાણી જમનાબાઈએ દત્તક પુત્ર સયાજીરાવ ગાયકવાડને રાજગાદીએ બેસાડ્યા હતા. આ રાજ્યાભિષેક સરકારવાડામાં થયો હતો, જે આજે પણ ચાર દરવાજા વિસ્તારની ઐતિહાસિક ઓળખનો મહત્ત્વનો ભાગ છે.

મહારાજા સયાજીરાવના અપર માતા ગહિનાબાઈ અત્યંત ધાર્મિક હતાં. તેમણે સરકારવાડામાં વિઠ્ઠલનાથજી અને બાજુમાં રાધાવલ્લભજીની મૂર્તિઓની સ્થાપના કરાવી હતી. આ જ રાજવી પરંપરામાં ભગવાન પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિએ અનેક ધાર્મિક ઉજવણીઓને વિશેષ મહત્ત્વ આપ્યું.



૨૮૮ વર્ષથી નરસિંહજીની ભક્તિનો અખંડ પ્રવાહ

ચાર દરવાજા વિસ્તારની મદનમોહનજીની પોળમાં આવેલા નરસિંહજી મંદિરની પરંપરા આશરે ૨૮૮ વર્ષ જૂની છે. હરણી પાસે એક સંતના સત્સંગ દરમિયાન ૧૧મી પેઢીના હરજીવનદાસ પરીખને સંતે બે શાલિગ્રામ આપ્યા હતા અને ત્રણ શરતો સાથે તેમની સેવા કરવાની આજ્ઞા આપી હતી. આ શાલિગ્રામ ભગવાન નરસિંહજી અને પદ્મનાભજીના સ્વરૂપ તરીકે પૂજાય છે. ગાયકવાડ રાજવી પરિવારને પણ આ ભગવાન પ્રત્યે વિશેષ શ્રદ્ધા હતી. મહારાજા સયાજીરાવ ગાયકવાડ દરિયાઈ માર્ગે મુસાફરી કરી રહ્યા હતા ત્યારે સમુદ્રમાં તોફાન સર્જાતાં તેમણે ભગવાન નરસિંહજીનું સ્મરણ કરી બાધા રાખી હતી. ત્યારબાદ તેઓ દર્શન માટે નરસિંહજી મંદિર આવ્યા હતા. નરસિંહજી મંદિરની બાજુમાં આવેલી દીપમાળ પણ આ પરંપરાનું વિશેષ આકર્ષણ છે. સાંજના સમયે દીપમાળની ટોચે દીવો પ્રગટાવવામાં આવતો હતો. નજરબાગ પેલેસની બારીઓમાંથી રાજવી પરિવારની મહિલાઓ આ દીવાનાં દર્શન કર્યા બાદ જ ભોજન ગ્રહણ કરતી હોવાની પરંપરા હતી. ભગવાન નરસિંહજીના વરઘોડામાં હાથી, ઘોડા, અખાડા, બેન્ડ અને ભજનમંડળીઓ જોડાતાં. સમય જતાં વરઘોડાની ભવ્યતા અને ભગવાન પ્રત્યેની લોકશ્રદ્ધા એટલી વધી કે મદનમોહનજીની પોળ નરસિંહજીની પોળ તરીકે ઓળખાવા લાગી.

૨૧૭ વર્ષ જૂનો વિઠ્ઠલનાથજીનો વરઘોડો પણ આકર્ષણનું કેન્દ્ર

ચાર દરવાજા વિસ્તારની બીજી ઐતિહાસિક ધાર્મિક પરંપરા ભગવાન વિઠ્ઠલનાથજીનો વરઘોડો છે. આશરે ૨૧૭ વર્ષથી ચાલી આવતી આ પરંપરા દેવઉઠી એકાદશીના દિવસે રાજવી પરિવારના સભ્યો દ્વારા પૂજા અને આરતી કર્યા બાદ આગળ વધે છે. દલાપટેલની પોળના નાકે આવેલા રામજી મંદિરેથી સાંજે પાંચ વાગ્યે ભવ્ય વરઘોડો નીકળે છે. દેવઉઠી એકાદશીથી દેવદિવાળી સુધી નરસિંહજી મંદિરની દીપમાળ રંગીન રોશનીથી ઝળહળી ઊઠે છે. ઘરો અને પોળોમાં પણ પાંચ દિવસ સુધી શણગાર અને રોશનીનો માહોલ રહે છે. વરઘોડાની આગલી રાતે મંદિરની આસપાસ ભજનમંડળીઓ દ્વારા આખી રાત ભજન-કીર્તન થાય છે. રમકડાં અને અન્ય ચીજવસ્તુઓની હાટડીઓ, ચા-નાસ્તાની લારીઓ તથા બાળકો સાથે ખરીદી કરવા આવતા પરિવારો ઉત્સવમાં લોકમેળાની રંગત ઉમેરે છે. દિવાળીની સરખામણીએ આ દિવસોમાં ફટાકડાની આતશબાજી પણ વિશેષ જોવા મળે છે. વરઘોડા દરમિયાન આખો ચાર દરવાજા વિસ્તાર ભક્તિ, સંગીત, રોશની અને ઉત્સાહથી ગુંજી ઊઠે છે.

રાજવી પરિવારથી સામાન્ય નાગરિકો સુધી સૌની આસ્થાનો ઉત્સવ

આ પોળમાં મુખ્યત્વે દશા દિશાવાળ વણિક સમાજના પરિવારો વસવાટ કરતા હતા. તેમની કુળદેવી સિદ્ધેશ્વરી માતાનું મંદિર પણ નરસિંહજી મંદિરની સામે આવેલું છે. બંને મંદિરો જૂની પેઢીઓ માટે શ્રદ્ધાનાં મહત્ત્વપૂર્ણ કેન્દ્ર રહ્યાં છે. વણિક સમાજ ઉપરાંત કંસારા સમાજના લોકો પણ ભગવાન નરસિંહજીના વરઘોડામાં ઉત્સાહપૂર્વક જોડાતા રહ્યા છે. આઝાદી પછીના સમયમાં ફતેસિંહરાવ ગાયકવાડ અને વડોદરાના પ્રથમ લોકપ્રિય મેયર નાનાલાલ ચોક્સી સહિત અનેક મહાનુભાવો આ ધાર્મિક પરંપરામાં જોડાતા હતા. ત્યારબાદ નલિનભાઈ ભટ્ટ અને જસપાલસિંહ જેવા રાજકીય અગ્રણીઓ પણ નિયમિત ઉપસ્થિત રહેતા હતા. આજે પણ જૂના વડોદરા રાજ્યનાં આસપાસનાં ગામોમાંથી સેંકડો શ્રદ્ધાળુઓ દિવાળીથી જ પૂર્ણિમાના વરઘોડાનાં દર્શન કરવાની બાધા રાખીને આવે છે. પોળ અને જ્ઞાતિના પરિવારો, જેઓ રોજગાર કે અન્ય કારણોસર દેશ-વિદેશમાં સ્થાયી થયા છે, તેઓ પણ આ ઉત્સવમાં સહભાગી બની પરંપરાને જીવંત રાખે છે.

કીર્તિભાઈ પરીખના જણાવ્યા અનુસાર

ચાની લારીમાં તોડફોડ કરતા યુવકના હાથમાં ફ્રેક્ચર

સયાજી હોસ્પિટલ પાસે મોડી રાત્રે ૧૦ થી ૧૫ હથિયારધારી શખ્સોનો આતંક

જીવ બચાવવા હોસ્પિટલના ગેટમાં દોડેલા યુવકને સિક્યુરિટીએ બચાવ્યો, પોલીસે એક શખ્સની ધરપકડ કરી તપાસ શરૂ કરી



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦

વડોદરા શહેરની સયાજી હોસ્પિટલ પરિસર બહાર મોડી રાત્રે હથિયારધારી શખ્સોના ટોળાએ ચાની લારી ચલાવતા યુવક પર ઘાતક હુમલો કરી લારીમાં તોડફોડ મચાવ્યાની ઘટના સામે આવી છે. આ હુમલામાં ચાની લારીના સંચાલક યુવકના ડાબા હાથમાં ફ્રેક્ચર થયું છે. બનાવને પગલે પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને એક શખ્સની ધરપકડ કરી અન્ય ફરાર હુમલાખોરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ન્યૂ વીઆઈપી રોડ વિસ્તારમાં પંડ્યાનગર ખાતે રહેતા રાકેશ સુરેશભાઈ રાવલ સયાજી હોસ્પિટલની બહાર, પોસ્ટમોર્ટમ ગેટ નજીક અને HDFC બેંકની સામે રાત્રિના સમયે ચાની લારી ચલાવી ગુજરાન ચલાવે છે. મોડી રાત્રે આશરે ૨:૦૦ થી ૨:૩૦ વાગ્યાના અરસામાં પાંચથી છ ટુ-વ્હીલર પર ૧૦ થી૧૫15 જેટલા શખ્સો અચાનક ચાની લારી પર ધસી આવ્યા હતા.

ઈજાગ્રસ્ત યુવકના આક્ષેપ મુજબ, હુમલાખોરોના ટોળામાં કેટલાક શખ્સોના હાથમાં લોખંડના પાઈપ, દંડા, તલવાર અને ધારદાર ચાકુ જેવા હથિયારો હતા. કોઈપણ સ્પષ્ટ કારણ વગર શખ્સોએ રાકેશભાઈ પર હુમલો કરી ઢોર માર માર્યો હતો અને લારીમાં તોડફોડ કરીને માલસામાનને પણ ભારે નુકસાન પહોંચાડ્યું હતું. પોતાનો જીવ બચાવવા માટે રાકેશભાઈ જીવના જોખમે દોડીને સયાજી હોસ્પિટલના ગેટમાંથી અંદર પ્રવેશ્યા હતા,

જ્યાં ફરજ પર હાજર સિક્યુરિટી જવાનોએ સમયસૂચકતા દાખવી તેમનો બચાવ કર્યો હતો. દરમિયાન હુમલાખોરોમાંથી કેટલાક પોતાના ટુ-વ્હીલર સ્થળ પર જ મૂકીને નાસી છૂટ્યા હતા. બનાવ અંગે ૧૧૨ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક માહિતી મુજબ પોલીસે આ મામલે એક યુવકની ધરપકડ કરી છે, જ્યારે અન્ય હુમલાખોરોને ઝડપી લેવા શોધખોળ ચાલી રહી છે.

વૃંદાવન ટાઉનશીપ બહાર પુરપાટ ઝડપે દોડતા વાહનો ભટકાયા

સંગમ-હરણી રોડ પર બે ટુ-વ્હીલર વચ્ચે અકસ્માત,બંને ચાલકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત



(પ્રતિનિધિ) વડોદરા, તા.20

સંગમ-હરણી રોડ પર આવેલ વૃંદાવન ટાઉનશીપની બહાર બે ટુ-વ્હીલર વાહન ચાલકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બંને વાહન ચાલકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જ્યારે બંને ટુ-વ્હીલર વાહનોને પણ નુકસાન થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, સંગમ-હરણી રોડ પર વાહનો પુરપાટ ઝડપે દોડાવતા હોવાથી અવાર નવાર અકસ્માતની ઘટનાઓ બની રહી છે. ત્યારે, પુરપાટ ઝડપે આવી રહેલા બે ટુ-વ્હીલર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતના પગલે સ્થળ પર લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ 108 એમ્બ્યુલન્સ ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતા કુંભારવાડા પોલીસ સ્ટેશનનો સ્ટાફ પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

AB PMJAY-MA યોજના હેઠળ ક્લેમ પ્રક્રિયામાં SSGH ગુજરાતમાં ત્રીજા ક્રમે



સ્ટેટ હેલ્થ એજન્સી, ગાંધીનગર દ્વારા આયોજિત રાજ્યકક્ષાના એવોર્ડ સમારોહમાં સન્માન

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - મુખ્યમંત્રી અમૃતમ યોજના હેઠળ સૌથી વધુ ક્લેમ પ્રોસેસ કરવા અને તેની ચુકવણી કરવાની કામગીરીમાં વડોદરા સ્થિત સર સયાજીરાવ હોસ્પિટલ એન્ડ મેડિકલ કોલેજે (SSG) સમગ્ર ગુજરાતમાં ત્રીજો ક્રમ મેળવીને ગૌરવવંતી સિદ્ધિ હાંસલ કરી છે. સ્ટેટ હેલ્થ એજન્સી ગાંધીનગર દ્વારા આયોજિત રાજ્યકક્ષાના એવોર્ડ સમારોહમાં આ સિદ્ધિ બદલ હોસ્પિટલને સન્માનિત કરવામાં આવી હતી. AB PMJAY-MA તેમજ આયુષ્માન ભારત ડિજિટલ મિશન ના અસરકારક અમલીકરણ અને ઉત્કૃષ્ટ કામગીરી તથા મૂલ્યવાન યોગદાન બદલ હોસ્પિટલને આ સન્માન પ્રાપ્ત થયું છે. ગાંધીનગર ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના એવોર્ડ સમારોહમાં ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ ટોપનો તેમજ આરોગ્ય કમિશનર (શહેરી) અને AB PMJAY, SMD તથા ABDMના CEO ડો. સંધ્યા ભુલ્લર સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં હોસ્પિટલના પ્રતિનિધિને એવોર્ડ અને પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા.

જેલમાંથી છૂટ્યાના પાંચ દિવસમાં જ ફરી વાહનચોરી કરનાર રીઢો ચોર ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20


જેલમાંથી છૂટ્યા બાદ ગુનાખોરી છોડવાને બદલે ફરી વાહનચોરીના રવાડે ચઢેલા રીઢા ચોરને વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. આરોપીએ જેલમાંથી છૂટ્યાના પાંચ દિવસમાં જ બે એક્ટિવાની ચોરી કરી હતી. પોલીસની પૂછપરછમાં આરોપીએ ત્રણ વાહનચોરીના ગુનાની કબૂલાત કરતાં કારેલીબાગ, કુંભારવાડા અને ફતેગંજ પોલીસ સ્ટેશનના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમ શહેરમાં વાહનચોરીના બનાવો અટકાવવા પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે જેલ રોડથી ભીમનાથ બ્રિજ તરફ જતા રસ્તા પરથી અનીલ દેવજીભાઈ મહીડા (ઉ.વ.40, રહે. સફેદ વુડા, ખોડિયારનગર, વડોદરા)ને શંકાસ્પદ એક્ટિવા સાથે ઝડપી પાડ્યો હતો. એક્ટિવાના દસ્તાવેજો કે માલિકી અંગેના પુરાવા રજૂ ન કરી શકતાં પોલીસે તેની સઘન પૂછપરછ કરી હતી.

કલ્યાણ બોર્ડની રચના, અકસ્માત વીમો, એસી કેબિન અને મહિલા શ્રમિકોની સુવિધા અંગે થઈ વિસ્તૃત ચર્ચા

પરિવહન શ્રમિકોની માંગણીઓ અંગે કેન્દ્રીય મંત્રીઓએ આપ્યો સકારાત્મક પ્રતિસાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

ભારતીય મજદૂર સંઘ સાથે જોડાયેલા પરિવહન શ્રમિક સંગઠનો દ્વારા રામલીલા મેદાન ખાતે બે દિવસીય વિશાળ ધરણા બાદ કેન્દ્રીય શ્રમ મંત્રી ડો. મનસુખ માંડવિયા અને માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરી સાથે મુલાકાત કરી પરિવહન શ્રમિકોની માંગણીઓ રજૂ કરાઈ હતી. બેઠકમાં પરિવહન શ્રમિક કલ્યાણ બોર્ડની રચના, ડ્રાઈવરો, કંડક્ટરો, હેલ્પરો અને મિકેનિકો માટે અકસ્માત વીમો, ટ્રક-લોરીમાં એસી કેબિન અને મહિલા શ્રમિકો માટે સારી સુવિધાની માંગ સ્વીકારવામાં આવી હતી. શ્રમ મંત્રીએ કલ્યાણ બોર્ડની રચના અંગે કામ કરવાની ખાતરી આપી હતી. ગડકરીએ કૃષિ ઉત્પાદનોના પરિવહનમાં છૂટ, ત્રણ પૈડાવાળા વાહનોને હળવા મોટર વાહનની વ્યાખ્યામાંથી અલગ રાખવા અને ઓટો ચાલકોને ધિરાણ સુવિધા આપવા અંગે સકારાત્મક ખાતરી આપી હતી.



સરકારી બસોને ટોલ ટેક્સમાંથી મુક્તિની માંગ પર મામલો જોવાની ખાતરી આપી હતી. ખાનગી પરિવહન શ્રમિકોને સામાજિક સુરક્ષા આપવા અને મહિલા કર્મચારીઓને મોડી રાત્રે અને વહેલી સવારે ફરજ ન સોંપવા અંગે પણ ચર્ચા થઈ હતી. મંત્રીઓએ આ અંગે રાજ્ય સરકારોને માર્ગદર્શન આપવાની અને ટૂંક સમયમાં ફરી બેઠક યોજવાની ખાતરી આપી હતી. ધરણામાં કેરળ, તમિલનાડુ, ઉત્તર બંગાળ, ત્રિપુરા સહિત અનેક રાજ્યોના શ્રમિકોએ ભાગ લીધો હતો.

૧૨ વર્ષ બાદ પણ સંતાનનું સુખ નહીં પામતા સાસરિયાંના મહેણાંથી પરિણીતા ત્રસ્ત

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

લગ્નજીવનનાં 12 વર્ષ બાદ પણ સંતાન ન થતાં સાસરિયાં દ્વારા મહેણાંટોણાં મારવામાં આવતા અને પતિનો સાથ ન મળતાં એક પરિણીતા માનસિક ત્રાસનો ભોગ બની હોવાનો કિસ્સો સામે આવ્યો છે. સાસુ અને નણંદના વર્તનથી કંટાળેલી પરિણીતાના પતિએ જ તેના ગુસ્સા અને આત્મહત્યા કરવાની ધમકીઓથી ચિંતિત થઈ 181 અભયમની મદદ માગી હતી. જોકે, કાઉન્સેલિંગ દરમિયાન પરિણીતાએ સાસરિયાં સામે ગંભીર આક્ષેપો કરતાં સમગ્ર મામલો સામે આવ્યો હતો.

બાપોદ લોકેશન પરથી 181 અભયમની ટીમ પરિણીતાના ઘરે પહોંચી હતી. પતિએ જણાવ્યું હતું કે પત્ની નાની-નાની વાતમાં ગુસ્સે થઈ માથું દીવાલ સાથે અથડાવે છે અને મરી જવાની ધમકી આપે છે. કાઉન્સેલિંગ દરમિયાન પરિણીતાએ જણાવ્યું હતું કે સંતાન ન થવાને કારણે સાસુ અને નણંદ મહેણાં મારે છે, તેના હાથનું બનાવેલું ભોજન પણ ખાતાં નથી. ઘરમાં કોઈ વસ્તુને અડવા દેતા નથી. છેલ્લા પાંચ મહિનાથી તે પોતાનું ભોજન જાતે બનાવીને અલગ રૂમમાં એકલી જમે છે.

પરિણીતાએ વધુમાં પતિને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોવાની શંકા વ્યક્ત કરી હતી. તેના જણાવ્યા મુજબ, આ બાબતની જાણ થયા બાદ પતિએ પાંચ મહિનાથી તેની સાથે શારીરિક સંબંધ રાખ્યો નથી અને માતા સાથે સૂવા લાગ્યા છે. પતિ તેની અંગત વાતો પણ બહેનોને કહી દેતા હોવાથી તે માનસિક રીતે ભાંગી પડી હતી. 181ની ટીમે પતિ-પત્ની બંનેનું કાઉન્સેલિંગ કરી સંતાન ન થવામાં મહિલાનો કોઈ વાંક નથી તેમ સમજાવ્યું હતું. જરૂર જણાય તો તબીબી નિષ્ણાતની સલાહ લેવા અને બંનેની સંમતિથી અન્ય સારવારના વિકલ્પો વિચારવા સમજાવ્યું હતું. અંતે પતિએ પોતાની ભૂલ સ્વીકારી પત્નીને સાથ આપવાની ખાતરી આપી હતી.

બેદરકાર બસ ચાલકે રિક્ષાને અડફેટે લેતા રિક્ષા પલટી, 3 મુસાફરોનો આબાદ બચાવ

વિવાદિત ઈલેક્ટ્રિક બસનો વધુ એક અકસ્માત, MSU પાસે અફરાતફરી

વારંવારના અકસ્માતથી લોકોમાં રોષ, બેફામ ડ્રાઇવિંગ સામે કડક કાર્યવાહીની માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા.20

શહેરમાં અવારનવાર અકસ્માત સર્જીને ચર્ચામાં રહેતી વિવાદિત ઈલેક્ટ્રિક બસ ફરી એકવાર વિવાદના વમળમાં ફસાઈ છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વિસ્તાર પાસે ઈલેક્ટ્રિક બસના ચાલકની ઘોર બેદરકારીના કારણે ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં સદનસીબે મોટી જાનહાનિ ટળી છે.

મળતી વિગતો અનુસાર એમ.એસ. યુનિવર્સિટી પાસેથી પસાર થઈ રહેલી ઈલેક્ટ્રિક બસનો ચાલક બેદરકારીપૂર્વક બસ હંકારી રહ્યો હતો. આ દરમિયાન તેણે રસ્તા પર જઈ રહેલી એક ઓટો રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. બસની ટક્કર એટલી પ્રચંડ હતી કે રિક્ષા ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને રિક્ષા રસ્તા પર જ ઊંધી વળી ગઈ હતી. અકસ્માત સમયે રિક્ષામાં ત્રણ મુસાફરો સવાર હતા. રિક્ષા પલટી જતા અંદર બેઠેલા મુસાફરોના જીવ અધ્ધર થઈ ગયા હતા અને ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આસપાસના રાહદારીઓ અને વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને રિક્ષાને સીધી કરીને અંદર ફસાયેલા મુસાફરોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી અને ત્રણેય મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ઈલેક્ટ્રિક બસના ચાલકોની બેફામ ડ્રાઈવિંગ સામે ભારે રોષ જોવા મળ્યો હતો. શહેરમાં વારંવાર બનતી આ પ્રકારની ઘટનાઓને પગલે તંત્ર દ્વારા બેદરકાર બસ ચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

વડોદરા રેલવે પોલીસની NARIT AI એપ્લિકેશનને રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ

(પ્રતિનીધિ) વડોદરા, તા. 20

નાર્કોટિક્સના ગંભીર ગુનાઓની તપાસને વધુ વૈજ્ઞાનિક, સચોટ અને અસરકારક બનાવવા માટે પશ્ચિમ રેલવે વડોદરાના પોલીસ અધિક્ષક અભય સોનીની પહેલથી વિકસાવવામાં આવેલી NARIT AI એપ્લિકેશનને રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત સન્માન મળ્યું છે. The Economic Times દ્વારા આયોજિત 'Most Innovative AI Product Award-2026'માં NARIT એપ્લિકેશનને Legal Ecosystem કેટેગરીમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો અસરકારક ઉપયોગ કરવા બદલ આ સિદ્ધિ વડોદરા પોલીસ માટે ગૌરવરૂપ બની છે.

દેશમાં નાર્કોટિક્સના વધતા દુષણને ડામવા અને NDPSના કેસોમાં આરોપીઓને કોર્ટમાં સજા અપાવી શકાય તે હેતુથી આ AI ટૂલ તૈયાર કરવામાં આવ્યું છે. અભય સોનીના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ Gradiante Creative Service Pvt. Ltd. દ્વારા વિકસાવવામાં આવેલી આ એપ્લિકેશન એપ્રિલ-2026માં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોન્ચ કરવામાં આવી હતી. NARIT એટલે કે Narcotics Analysis | RAG Based Investigation Tool તપાસ અધિકારીઓને NDPSના કેસોમાં તપાસના દરેક તબક્કે કાયદાકીય માર્ગદર્શન પૂરું પાડે છે. મુદ્દામાલની ઈન્વેન્ટરી, સેમ્પલિંગ, ગુનાહિત કાવતરાની તપાસ, રિમાન્ડ રિપોર્ટ, જામીન અરજી, ચાર્જશીટ અને નાણાકીય તપાસ સહિતની બાબતોમાં તે માર્ગદર્શન આપે છે. એટલું જ નહીં, બચાવ પક્ષ દ્વારા કોર્ટમાં કરવામાં આવી શકે તેવી સંભવિત દલીલોનું પૂર્વાનુમાન લગાવી તેના જવાબ માટે પણ કાયદાકીય સૂચનો આપે છે. હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદાઓ, બેર એક્ટ્સ અને સરકારી માર્ગદર્શિકાઓના આધારે તૈયાર થયેલું આ ટૂલ તપાસમાં પ્રક્રિયાગત ભૂલો ઘટાડવા અને કેસની ગુણવત્તા સુધારવામાં મદદરૂપ બનશે.

ઓશિયા મોલ પાસેના લોટસ અલાઈટ કોમ્પ્લેક્સમાં ગણતરીના સમયમાં ફાયર બ્રિગેડે મેળવ્યો કાબૂ

ગોત્રીમાં રોઝ બેરી સ્પામાં શોર્ટ સર્કિટથી આગ, ફર્નિચર બળીને ખાક

વેન્ટિલેશનના અભાવે ધુમાડો ભરાયો, સ્પામાં સેફ્ટીના પગલાંનો અભાવ જોવા મળ્યો



(પ્રતિનિધિ) વડોદરા, તા.20

શહેરના ગોત્રી વિસ્તારમાં ઓશિયા મોલની બાજુમાં આવેલા લોટસ અલાઈટ કોમ્પ્લેક્સ સ્થિત રોઝ બેરી સ્પામાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાની ઘટના બની હતી. આગને પગલે સ્પાના ફર્નિચર સહિતના સામાનને મોટું નુકસાન પહોંચ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ વાસણા ફાયર સ્ટેશન સહિત ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવી ગણતરીના સમયમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો અને ત્યારબાદ કૂલિંગની કામગીરી હાથ ધરી હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હોવાથી તંત્ર અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ફાયર વિભાગના જણાવ્યા મુજબ, સ્પાના આગળના ભાગમાં શોર્ટ સર્કિટ થતાં ધુમાડાના ગોટાળા ઉડ્યા હતા.

સોફા સેટ, એલઈડી ટીવી, લાકડાનું ટેબલ-ખુરશી તથા અન્ય સાધનો બળીને ખાક થઈ ગયા હતા. જોકે, પાછળના ભાગમાં આવેલા કિચન સુધી આગ પહોંચી નહોતી. ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલાં કોમ્પ્લેક્સમાં રહેલા ફાયર સેફ્ટીના સાધનોનો સ્થાનિકો દ્વારા ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના કારણે આગ વધુ પ્રસરતી અટકી હતી. ઉપરાંત, આસપાસની દુકાનો કે ઉપરના ભાગમાં કોઈ નુકસાન થયું નથી. જોકે, સ્પામાં વેન્ટિલેશનની વ્યવસ્થા ન હોવાથી ધુમાડો બહાર નીકળી શક્યો ન હતો અને સેફ્ટીના પૂરતા પગલાંનો અભાવ જોવા મળ્યો હતો. ફાયર જવાનોએ અંદરથી સામાન બહાર કાઢી કૂલિંગની પ્રક્રિયા પૂર્ણ કરી હતી.